# COVID-19 રસીઓ - નોકરીદાતાઓ અને નાના વ્યવસાયો માટે કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી માહિતી

## રસીકરણ અને ડબલ્યુએચએસ ફરજો

આદર્શ કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓ હેઠળ તમારે, વ્યાજબી રીતે વ્યવહારીક હોય તેટલી, તમારા કર્મચારીઓ, તમારી અને કાર્યસ્થળ પર અન્ય લોકોની સલામતીની ખાતરી કરવી આવશ્યક છે. તમે કામના સ્થળે કામદારોના COVID-19ના સંપર્કમાં આવવાના જોખમને કદાચ સંપૂર્ણપણે દૂર ન કરી શકો. જો કે, આ જોખમને ઘટાડવા તમે વ્યાજબી રીતે જે કરી શકો છો તે કરવું જ જોઇએ.

કાર્યસ્થળે જોખમો ઘટાડવા માટે તમારેઃ

- જોખમની આકારણી હાથ ધરવી
- શારીરિક અંતર, સારી સ્વચ્છતા અને નિયમિત સફાઇ - ઉપરાંત ઉપલબ્ધ રસીઓ સહિતના નિયંત્રણના પગલાં અને તે જોખમોનું નિયમન કરવામાં કેવી રીતે મદદ કરશે તે ધ્યાનમાં લેવું
- કામદારો અને સ્વાસ્થ્ય અને સલામતી પ્રતિનિધિઓ (એચએસઆર)નો COVID-19 અને રસીઓ સહિતના નિયંત્રણના પગલાં વિષે અભિપ્રાય લેવો
- નક્કી કરો કે તમારા કાર્યસ્થળમાં અમલ કરવા માટે કયા પગલાં વ્યવહારિક રીતે વ્યાજબી છે

## શું મારે મારા કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી ફરજોને પૂર્ણ કરવા માટે નિયંત્રણના પગલાં તરીકે ફરજિયાત રસીકરણનો સમાવેશ કરવાની જરૂર છે?

રસી મૂકાવેલી હોવાની આવશ્યકતા કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓ હેઠળ વ્યવહારિક રીતે વ્યાજબી હશે તે અસંભવિત છે.

તમારા કામદારોને રસીકરણ કરેલું હોવું જરૂરી છે કે નહિં તે, તમે જે સમયે તમારા જોખમનું મૂલ્યાંકન કરી રહ્યા હોવ તે સંજોગો પર આધારિત છે. જો તમે તમારા કામદારોને રસી મૂકાયેલી હોવી આવશ્યક હોવાનું વિચારી રહ્યા હોવ તો, સલાહ લો અને કાર્યસ્થળ પર સંબંધો, ભેદભાવ અને ગોપનીયતાના મુદ્દાઓ વિશે વિચારો.

કેટલાક ઉદ્યોગો અથવા કામદારો માટે રસીકરણ આવશ્યક હોવાનો જાહેર આરોગ્ય હુકમ હોય શકે છે. તમારી આરોગ્ય કચેરીની વર્તમાન સલાહથી સતત જાણકાર રહો.

## શું હું મારા ગ્રાહકોને મારા કાર્યસ્થળ પર પ્રવેશતા પહેલાં રસી મૂકાવી છે કે કેમ તે સાબિત કરવાનું કહી શકું?

કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓ તમને તમારા ગ્રાહકો અને મુલાકાતીઓ પાસેથી રસીકરણના પુરાવા માંગવાનું કહે તે અસંભવિત છે. તમે આ પ્રકારની જરૂરિયાત લાદો તે પહેલા સલાહ લો કારણ કે ગોપનીયતા અને ભેદભાવના મુદ્દાઓ ઊભા થઇ શકે છે.

## શું મારા કામદારો બીજા કામદારે રસી ન મૂકાવી હોવાને કારણે કામ કરવાનો ઇન્કાર કરી શકે છે?

ડબ્લ્યુએચએસ કાયદાઓ હેઠળ, કોઇ પણ કર્મચારી તાત્કાલિક અથવા નિકટવર્તી સંસર્ગથી સ્વાસ્થ્ય અથવા સલામતી માટે ગંભીર જોખમ હોવાની વ્યાજબી ચિંતા હોય તો કામ કરવાનું બંધ કરી શકે છે અથવા ના પાડી શકે છે.

મોટા ભાગના સંજોગોમાં, કર્મચારી કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓના આધારે અન્ય કર્મચારીએ રસી નથી મૂકાવી; ફક્ત તે કારણે કામ કરવાનું બંધ નહિં કરી શકે.

## જો હું મારા કામદારોને રસી મૂકાવવા ફરજ ન પાડું અને તેમાંના એકને COVID-19 થાય તો, શું હું કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદા હેઠળ જવાબદાર ઠરીશ?

તમે કામદારોને રસીકરણ કરવાની ફરજ નથી પાડી ફક્ત તે કારણથી તમારાથી આદર્શ કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી કાયદાઓનો ભંગ થવો અસંભવિત છે.

તમારા કામદારોને રસી આપવામાં આવી હોય તો પણ, તમારે તમારા કાર્ય સ્થળ પર શારીરિક અંતર, સારી સ્વચ્છતા અને નિયમિત સફાઇ અને જાળવણી જેવા બધા જ વ્યવહારિક રીતે વ્યાજબી નિયંત્રણ પગલાં અમલમાં મૂકવાનું ચાલુ રાખવું પડશે.

## વધુ માહિતી

- આરોગ્ય અને રસીઓની માહિતી - આરોગ્ય ખાતું
- કાર્ય સ્વાસ્થ્ય અને સલામતી - સેફ વર્ક ઓસ્ટ્રેલિયા
- કાર્યસ્થળે અધિકારો - ફેર વર્ક ઓમ્બડ્સ્મેન